# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=====================================================================

અખબારી યાદી તા. ૨૯-૦૧-૨૦૨૨

રાજ્યમાં એક તરફ અનેક જિલ્લાઓમાં ખાતરની તંગી જોવા મળી રહી છે, તો સાથે સાથે ખાતરના ભાવોમાં પણ છેલ્લા ત્રણ મહિનામાં ૪૦ થી લઈ ૧૦૦ ટકા સુધીનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે, એક તરફ વધતી જતી મોંઘવારી વચ્ચે ખાતરના ભાવો વધતા ખેડૂતોને સરવાળે ઉત્પાદન મોંઘુ પડી રહ્યું છે, જ્યારે ખેતપેદાશો - જણસોમાં અપૂરતા ભાવો મળતા ખેડૂતો સતત દેવાદાર બની રહ્યાં છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સમયે ખેડૂતોની આવક બમણી કરવાનો વાયદો - વચન આપનાર ભાજપા સરકારની નિતિના કારણે ખેડૂતોની આવક અડધી થઈ ગઈ છે અને ખર્ચ બમણો થઈ ગયો છે ત્યારે ખેડૂત, ખેતી અને ગામડા વિરોધી ભાજપા મોડલ પર આકરા પ્રહાર કરતા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોશ્રી લલિત કગથરા, ડૉ. કીરીટ પટેલ અને શ્રી હર્ષદભાઈ રિબડીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ માસમાં ખાતરોના ભાવ આસમાને આંબી ગયા છે, જેમાં છેલ્લા ૨ માસ કરતા વધુ સમયથી ડી.એ.પી. ની આવક સાવ બંધ થઈ ગઈ છે, જેના કારણે ખેડૂતોને પૂરતું ખાતર મળતું નથી, જ્યારે અન્ય ખાતરો જેમાં **એન.પી.કે. ખાતર ૧૨-૩૨-૧૬ જૂનો ભાવ ૧૧૮૫ હતો, જ્યારે નવો ભાવ ૧૪૫૦** થઈ ગયો છે, **નર્મદા ફોર્સ 20-20 જૂનો ભાવ ૯૫૦ હતો, જ્યારે નવો** ભાવ ૧૧૫૦ થયો છે, **એમોનિયમ ફોસ્ફેટ સલ્ફેટ જેનો જૂનો ભાવ ૯૭૫ હતો, જ્યારે નવો ભાવ ૧૨૨૫** થયો છે. **નાઈટ્રોજન બેઝ ખાતરોના ભાવમાં પણ ધરખમ વધારો થયો છે, જેમાં એમોનિયમ સલ્ફેટ જૂનો ભાવ ૬૫૬ હતો, જ્યારે નવો ભાવ ૧૦૦૦ ને પાર** પહોંચી ગયો છે, જ્યારે અન્ય ખાતરો અને જંતુનાશક દવાઓના ભાવમાં પણ ધરખમ વધારો થતાં ખેડૂતોની પાક ઉત્પાદનની કમાણી ખાતરો પાછળ વેડફાઈ રહી છે, ડી.એ.પી. યુરીયા મળતુ નથી, રવી સીઝનમાં મોટા પાયે ખેડૂતો ખાતર વીના પરેશાન થઈ રહ્યાં છે. ખેડૂતોને વાવણીથી લઈને લણવા સુધીના સમય દરમ્યાન અનેક પ્રકારના રાસાયણિક ખાતરોનો વપરાશ કરવો પડતો હોય છે, પાંચ રાજ્યોમાં ચૂંટણીના કારણે ગુજરાતના ખેડૂતોને ખાતરથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે. **ખાતરમાં ૪૦ થી ૧૦૦ ટકા, જંતુનાશક દવાઓ ૩૦ થી ૪૦ ટકા અને ટ્રેક્ટરથી ખેડવાનો ભાવ વીઘા દીઠ બમણો થઈ ગયો છે ત્યારે ખેડૂતો અને ખેતી મોટા પાયે મુશ્કેલીમાં** મુકાયા છે.

આ વર્ષે ચોમાસા બાદ પણ સતત પડી રહેલાક મોસમી વરસાદે ખેડૂતોના પાકમાં વ્યાપક નુકશાન પહોંચાડ્યું છે, ચોમાસા દરમ્યાન પડેલા ભારે વરસાદના કારણે ખેડૂતોને ખૂબ જ મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો અને ચોમાસુ ગયા બાદ પણ ગુજરાતમાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદે ખેડૂતોની સ્થિતિ કફોડી બનાવી દીધી છે. ત્યારે, ભાજપ સરકાર ખાતરના ભાવ કાબુમાં લે અને ખેડૂત અને ખેતી વિરોધી નીતિઓ પાછી ખેંચે તેવી કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોશ્રી લલીત કગથરા, ડૉ. કીરીટ પટેલ અને શ્રી હર્ષદ રીબડીયાએ માંગ કરી રહ્યાં છે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા